સરકાર સર્વોપરી કે માર્ગ મકાન વિભાગ

સરહદી બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરી દીયોદર કે થરાદને જિલ્લો બનાવવાની લાંબા સમયથી માંગણી થઈ રહી છે અને આ માંગણીના સમર્થનમાં દેખાવો પણ થઈ ચૂક્યા છે. જોકે રાજ્ય સરકારે હજુ આ મામલે કોઈ નિર્ણય લીધો નથી પરંતુ માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ)ની દિયોદર સ્થિત કચેરીએ દિયોદરને જિલ્લો બનાવવાનો નિર્ણય લઈ લીધો હોય તેમ દિયોદરની નવી કલેકટર કચેરીનું બોર્ડ પણ તૈયાર કરાવી દીધુ છે. માર્ગ અને મકાન વિભાગની આવી પૂર્વ તૈયારીઓ અનેક શંકાઓ ઉપજાવી રહી છે અને નવા જિલ્લાની રચના મામલે કોઈ આખરી નિર્ણય લેવામાં રાજ્ય સરકાર સર્વોપરી છે કે માર્ગ અને મકાન વિભાગ? તેવા સવાલો પણ ઉઠી રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર આ મામલે કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરે તે ઈચ્છનીય છે.

મેમદપુર નજીક જીપને ટ્રેકટર ટકરાયું

ડીસા, તા.૧૪

વડગામ તાલુકાના મેમદપુર નજીક સલેમકોટ તરફ જઈ રહેલ પેસેન્જર કમાન્ડર જીપ (નંબર-જીજે.૦૭. એચ.૩૬૭૨)ને મુખ્ય માર્ગની ખોટી સાઈડે નેળીયામાંથી રસ્તો ક્રોસ કરતા ટ્રેકટરના ચાલકે ધડાકાભેર ટક્કર મારતાં કમાન્ડર જીપમાં સવાર પેસેન્જરોને નાની, મોટી ઈજાઓ થતાં ઈજાગ્રસ્તોને વડગામ રેફરલ હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા.જેમાં બે વ્યક્તિ ઓની હાલત ગંભીર હોવાથી વધુ સારવાર માટે પાલનપુર રીફર કરાયા હોવાનું વડગામ રેફરલ હોસ્પિટલના સુત્રોએ જણાવ્યું હતું.

દેશની સૌ પ્રથમ કરોડોના ખર્ચે બનેલી ડિજિટલ શામળાજી-રતનપુર ચેકપોસ્ટનો સૂર્યાસ્ત

૧૬ ચેકપોસ્ટ નાબૂદ કરવાનો નિર્ણય

શામળાજી, તા. ૧૪

રાજ્યમાં સૌથી વધુ આવક ધરાવતી શામળાજી ચેકપોસ્ટને અંદાજે ૫ કરોડથી વધુના ખર્ચે આધુનિકરણ કરાઈ અને દેશની પ્રથમ ડિજિટલ ચેકપોસ્ટ બનાવવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. ગુજરાત સરકાર દ્વારા ત્રણ મહત્વના નિર્ણયો લેવાયા છે. ગુજરાતની સાડા છ કરોડની જનતાને ફાયદાકારક બની રહે તેવા આ સમાચાર છે. પત્રકાર પરિષદ દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા આ અંગેની જાહેરાત કરવામાં આવી છે. જેમાં રાજ્યની વિવધ ૧૬ ચેકપોસ્ટ નાબૂદ કરવાનો ઐતિહાસિક નિર્ણય પણ લેવાયો છે.

રાજ્યની વિવિધ ચેકપોસ્ટ નાબૂદ કરવાના નિર્ણય પછી પ્રજાના ટેક્સના કરોડો રૂપિયાના ખર્ચે ભ્રષ્ટાચાર નાથવા રાજસ્થાન રાજ્યને અડીને આવેલી શામળાજી-રતનપુર ચેકપોસ્ટ દેશની સૌપ્રથમ ડિજિટલ ચેકપોસ્ટનો પણ સૂર્યાસ્ત થઈ જશે તેવી માહિતી પ્રાપ્ત થઈ હતી. પત્રકાર પરિષદ દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા આ અંગેની

જાહેરાત કરવામાં આવી છે. જેમાં રાજ્યની વિવધ ૧૬ ચેકપોસ્ટ નાબૂદ કરવાનો ઐતિહાસિક નિર્ણય પણ લેવાયો છે. વાહનોની સંખ્યા છેલ્લા દસ વર્ષમાં વધી ગઈ છે, જેને કારણે આરટીઓ પર કામનું ભારણ વધી ગયું છે. જેને કારણે વાહનચાલકોના કામ અટવાતા હતા. તેથી વાહનચાલકોના હિતમાં આ ત્રણ નિર્ણયો લેવાયા છે. જેમાં હવે વાહનચાલકો ઘરે બેસીને આરટીઓની અનેક પ્રોસેસ કરી શકશે. દર વર્ષે ૯૦ લાખ મોટા વાહનો ચેકપોસ્ટ પર ઉભા રહેતા હતા. જેમાં તંત્ર પણ કામે લાગતું હતું. તેથી ૨૫ નવેમ્બરથી રાજ્યની તમામ ચેકપોસ્ટ બંધ થઈ જશે. તમામ સ્ટાફ એનફોર્સમેન્ટથી માંડીને બીજા કામમાં લાગશે. ચેકપોસ્ટ પર અવર ડાયમેન્શન ચેક કરતું હતું. જેમાં મોટી કંપનીઓને તેમાં રૂપિયા ભરવાના હોય છે. હવે આ તમામ કામગીરી ઓનલાઈન થશે. કંપનીઓને આરટીઓ પાસેથી ઓફલાઈનની સર્વિસ પણ મળી રહેશે. હાલ ચેકપોસ્ટની ૩૦૦ કરોડની વાર્ષિક આવક છે. આઠ રાજ્યોમાં ગુજરાતમાં આવતી ટ્રકો આવે છે. ત્યાં મીટિંગ કરે છે. અને હવે બહારથી આવતી ટ્રકોનું પણ ઓનલાઈન પેમેન્ટ લેવાશે.

ભિલોડા મોહનપુર રોડ પર બે દિવસ પહેલા થયેલ અકસ્માતનો વિડીયો વાઈરલ

ભિલોડા, તા. ૧૪

અરવલ્લી જીલ્લામાં અકસ્માતની ઘટનાઓમાં સતત નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. વાહનચાલકો બેફામ રીતે વાહન હંકારી પોતાની અને લોકોની જિંદગી જોખમમાં મુકતા હોય છે. ભિલોડાના મોહનપુર નજીક રીક્ષા ચાલક એક્ટીવા ચાલકને બચાવવા જતા પલ્ટી ખાઈ જતા રિક્ષામાં મુસાફરી કરી રહેલા બે લોકોના શરીરે સામાન્ય ઈજાઓ

પહોંચી હતી. બે દિવસ પહેલા બનેલી અકસ્માતની ઘટના નજીકમાં આવેલ પેટ્રોલપંપના સીસીટીવી કેમેરામાં કેદ થતા અકસ્માતની ઘટનાનો વિડીયો સોશ્યલ મીડિયામાં ભારે વાઈરલ થઈ રહ્યો છે.

મંગળવારે બપોરે ભિલોડા-શામળાજી રોડ પર આવેલા મોહનપુર ગામ નજીકથી પસાર થતી રીક્ષા એક્ટીવા ચાલકને બચાવવા જતા પલ્ટી જતા સદનસીબે રિક્ષામાં સવાર મુસાફરોને નાની-મોટી ઈજા થવાની સાથે આબાદ બચાવ થયો હતો. સમગ્ર અકસ્માત નજીકમાં આવેલા જય હિંદ પેટ્રોલપંપના સીસીટીવી કેમેરામાં કેદ થતા બે દિવસ પછી સીસીટીવી કેમેરામાં કેદ થયેલ વિડીયો વાઈરલ થતા વિડીયો જોનાર લોકોના મોઢામાંથી "રામ રાખે તેને કોણ ચાખે"ના શબ્દો સરી પડ્યા હતા.

હિંમતનગર સિવિલની સ્ટાફ નર્સને બળજબરીથી સંબંધ બાંધવા દબાણકર્તા ત્રણ વિરૂદ્ધ ફરીયાદ

સ્ટાફ નર્સને હેરાન કરવા અલગ અલગ વોર્ડમાં ફરજ પર મુકાતી હતી : જાતિ વિરૂદ્ધ ઉચ્ચારણો કરી અપમાનીત કરી ત્રાસ અપાતો હતો

હિંમતનગર, તા. ૧૪

હિંમતનગરના ગઢોડાની સીમમાં આવેલ નવી સીવીલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતી એક મહીલાને સ્ટાફના જ એક કર્મચારીએ બળજબરીપૂર્વક પોતાની સાથે અનૈતિક સંબંધો બાંધવા માટે દબાણ કરી આ સ્ટાફ નર્સને હેરાન કરવાના આશયથી દરરોજ તેની અલગ અલગ વોર્ડમાં ફરજ બજાવવા માટે મજબુર કરવામાં આવતી હતી. જેમાં અન્ય બે જણાએ સીવીલના આ કર્મચારીને ચઢામણી કરી જાતિ વિરૂદ્ધ ઉચ્ચારણો કરી અપમાનીત કરાતા આ મહીલાએ મંગળવારે ત્રણેય જણા વિરૂદ્ધ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે હિંમતનગરની નવી સીવીલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતા શારદાબેન માવજીભાઈ તબીયાડના લગ્ન કાંતિભાઈ જીવાભાઈ ભગોરા સાથે કરાયેલા હતા. તેથી તેઓ બંને હિંમતનગર રહે છે. દરમ્યાન શારદાબેન ન્યુ સીવીલ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે પાંચ વર્ષથી ફરજ બજાવે છે. જોકે આ હોસ્પિટલમાં યોગીરાજ, સી.બી. રાવલ, પરીમલભાઈ રાઠોડ પણ ફરજ બજાવે છે. જ્યાં યોગીરાજ દ્વારા શારદાબેનને તેમની સાથે અનૈતિક સંબંધો રાખવા માટે દબાણ કરવામાં આવતુ હતુ પરંતુ શારદાબેન તેમની વાતોમાં આવતા ન હતા.

જેથી યોગીરાજ દ્વારા શારદાબેનને નોકરી કરવા માટે દરરોજ અલગ અલગ વોર્ડમાં મોકલતા હતા. એટલુ જ નહી પણ યોગીરાજે મહીલા સાથે અણછાજતુ વર્તન કરીને શરીરે ઈજા પહોંચાડી હતી. એટલેથી અટક્યા વિના આ ત્રણેય જણાએ શારદાબેનને અપમાનીત કરવા માટે જાતિ વિરૂદ્ધ ઉચ્ચારણો કરીને અવારનવાર માનસિક ત્રાસ આપવાનું ચાલુ રાખ્યુ હતુ. જેથી કંટાળીને સ્ટાફ નર્સ શારદાબેન આ ત્રણેય જણા વિરૂદ્ધ મંગળવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં શારિરીક-માનસિક ત્રાસ અને એટ્રોસીટી એક્ટ અંતર્ગત ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે કરોડો રૂપિયાના ખર્ચે સરકારે સાબરકાંઠાની પ્રજા માટે તૈયાર કરેલ અદ્યતન સિવિલ હોસ્પિટલમાં આજે પણ સાધનો હોવા છતાં સ્ટાપના અભાવે દર્દીઓને ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેવા જવુ પડે છે. તથા અનેક ઠેકાણે પીવાના પાણીની જ્યાં સગવડો ઉભી કરાઈ છે ત્યાં લીકેજને કારણે પાણીનો વ્યય થાય છે. અને સાજા થવા માટે આવતા દર્દીઓને ગંદકીને કારણે પરાણે બિમાર થવું પડે છે.

ડીસા લાયન્સ કલબ દ્વારા ડાયાબિટીસ કેમ્પ અને પત્રકાર સન્માન સમારંભ

ડીસા, તા. ૧૪

સેવાકીય પ્રવૃતિ સાથે જોડાયેલ આંતરરાષ્ટ્રીય લાયન્સ કલબ ડીસાને તેની શાખાની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોઈ

તે નિમિત્તે લાયન્સ કલબ દ્વારા ફ્રી ડાયાબિટીસ નિદાન કેમ્પ અને પત્રકાર સન્માન કાર્યક્રમ દબદબાભેર યોજાયો હતો.

ડીસા લાયન્સ હોલ ખાતે ફ્રી ડાયાબિટીસ કેમ્પ અને પત્રકાર સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાયન્સ કલબના સેકન્ડ વાઈસ ડિસ્ટ્રીક ગવર્નર અને ઉદઘાટક જગદીશભાઈ અગ્રવાલ, ડીસા લાયન્સ કલબ પ્રમુખ ડો. ભરતભાઈ મકવાણા, પંકજભાઈ શાહ, નરેશભાઈ શેઠ સહિત લાયન્સના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા તેમજ ફ્રી ડાયાબિટીસ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો તેમજ ૧૬મી નવેમ્બરે વિશ્વ પત્રકાર દિવસ હોઈ ડીસા શહેરમાં પત્રકારત્વ સાથે જોડાયેલ ઈલેક્ટ્રિક તેમજ પ્રિન્ટ મીડિયાના તમામ પત્રકારોનું પણ સન્માન પત્ર આપી સ્વાગત કરાયું હતું. ફ્રી નિદાન કેમ્પનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. લોકશાહીના ચોથા આધાર સ્તંભ ગણાતા પત્રકારોએ સન્માન બદલ સંસ્થાની સેવાકીય અને રચનાત્મક પ્રવૃતિઓને મુક્ત કંઠે બિરદાવી કલબના હોદ્દેદારોનો ઋણ સ્વીકાર કર્યો હતો.

ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ પ્રમોશનલ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે

મહેસાણા, તા. ૧૪

મહેસાણા ખાતે ૧૬ નવેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૪.૩૦ કલાકે વિમલ પાર્ટી પ્લોટ, મોઢેરા ચાર રસ્તા મહેસાણા ખાતે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ પ્રમોશનલ કાર્યક્રમ યોજાનાર છે. આગામી ૩ થી ૫ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમીટ યોજાનાર છે. જે અંતર્ગત મહેસાણા ખાતે પ્રમોશન કાર્યક્રમ યોજાનાર છે.

જેનો મુખ્ય હેતુ એકબીજા સાથે નેટવર્કિંગ દ્વારા વેપાર-ઉધોગમાં પરસ્પર ઉપયોગી થવું, સમાજમાં નવા ઉધોગ સાહસિકો તૈયાર કરવામાં ઉપયોગી થવુ, શિક્ષિત અને દીક્ષિત યુવાનોને સન્માન સાથે રોજગારીની તકો પુરી પાડવામાં ઉપયોગી થવું સહિતના ઉદ્દેશો સાથે પ્રમોશનલ કાર્યક્રમ યોજાનાર છે. જેમાં ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝાના મણીભાઈ પટેલ, સહિત ટીમ સરદારધામ તેમજ સમગ્ર ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહેનાર છે.

અરવલ્લી જિલ્લા પંચાયત સામાન્ય સભા તોફાની બની

જિલ્લા પંચાયત સદસ્યએ જિલ્લા મદદનીશ રજીસ્ટ્રાર સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ

અરવલ્લી જીલ્લા પંચાયતના સભાખંડમાં જીલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયા અને જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પરમારની અધ્યક્ષતામાં યોજાયેલી સામાન્ય સભામાં ડેમાઈ જીલ્લા પંચાયતના સદસ્ય કીર્તિ પટેલે ખેત ઉત્પાદન સહકાર અને સિંચાઈ વિભાગના મદદનીશ રજીસ્ટ્રાર ચંદ્રકાન્ત પટેલ સેવા સહકારી મંડળીને મંજૂરી આપવામાં પક્ષપાત કરતા હોવાની સાથે મંડળીને મંજરી આપવામાં ભારે ભ્રષ્ટાચાર અધિકારી દ્વારા આચરવામાં આવતો હોવાનો આક્ષેપ કરતા સામાન્ય સભામાં ભારે હોબાળો મચ્યો હતો. અધિકારી અને જીલ્લા પંચાયત સદસ્ય વચ્ચે તું..તું...મૈં...મૈં પણ થતા ચૂંટાયેલા કોંગ્રેસના સદસ્યોએ કીર્તિ પટેલને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો જીલ્લા વિકાસ અધિકારીના નાક નીચે ખુલ્લેઆમ ભ્રષ્ટ્રાચાર ચાલી રહ્યો હોવાનો પણ સનસનાટી ભર્યો આક્ષેપ કર્યો હતો.

ડેમાઈ જીલ્લા પંચાયત સદસ્ય કીર્તિ પટેલે બાયડ

વિધાનસભા પેટા ચૂંટણીમાં ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા જે હોટલમાં રોકાતા હતા તેની આગળથી ચૂંટણીમાં વહેંચવા લવાયેલ વિદેશી દારૂની ગાડીઓ જનતારેડ કરી પકડી પાડી હતી. આજે જીલ્લા પંચાયત સામાન્ય સભામાં પણ સેવા સહકારી મંડળીના રજીસ્ટ્રાર ચંદ્રકાન્ત પટેલ પર સેવા સહકારી મંડીઓને મંજૂરી આપવા રૂપિયા પડાવવામાં આવતા હોવાનો આક્ષેપ કરી જીલ્લા મદદનીશ રજિસ્ટ્રારે સાબરકાંઠા જીલ્લાના રાજકીય આગેવાનના ઈશારે કેટલીક મંડીઓને મંજૂરી વગર પ્રમાણપત્ર આપી દીધા હોવાનો આક્ષેપ કર્યો હતો અને કેટલીક સેવા સહકારી મંડળીઓને મંજરી આપવામાં ઠાગાઠૈયા કરવામાં આવતો હોવાનો આક્ષેપ કર્યો હતો. ભ્રષ્ટાચારના આક્ષેપથી જીલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધમાલિયા પણ અચંબિત બન્યા હતા. સ્વચ્છ છબી ધરાવતા જીલ્લા વિકાસ અધિકારી જીલ્લામાં ચાલતા ભ્રષ્ટાચારને નાથવા કયા પ્રકારના પગલાં ભરે છે તે હવે જોવું રહ્યું. અધિકારી ચંદ્રકાન્તભાઈનું રાજીનામુ લઈ લેવા ડીડીઓ સામે માંગ કરી હતી.

શામળાજી પોલીસ કાર્તિકી મેળામાં વ્યસ્ત

સ્ટેટ મોનેટરીંગ ટીમ ત્રાટકી પહાડીયાના બુટલેગરે ભોંયરામાં છુપાવેલ ૨.૪૬ લાખનો દારૂ ઝડપ્યો

શામળાજી, તા.૧૪

ગુજરાતમાં અરવલ્લી જીલ્લાની રતનપુર ચેકપોસ્ટ માર્ગે વિદેશી દારૂ ઘુસાડવા માટે સિલ્ક રૂટ તરીકે જાણીતો છે વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ જીલ્લાની વિવિધ આંતરાજ્ય સરહદ પરથી ઘુસાડવામાં આવી રહ્યો છે રાજસ્થાન રાજ્યની સરહદને અડીને આવેલા શામળાજી, ભિલોડા અને મેઘરજ પંથકમાં મોટા પ્રમાણમાં દારૂના કટિંગનો ધંધો ધમધમી રહ્યો છે શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્ટેટ મોનેટરીંગ સેલે ટૂંકા ગાળામાં બીજીવાર રેડ પાડી સપાટો બોલાવાયો હતો

અમદાવાદ શહેર પોલીસ સ્ટેશનમાંથી સસ્પેન્ડ થયેલા કર્મચારીના રતનપુર ચેકપોસ્ટ નજીક આવેલા પહાડીયા ગામે સ્ટેટ મોનેટરીંગ સેલની ટીમ ત્રાટકી રહેણાંક મકાન, ભોંયરામાં અને ગોડાઉનમાં સંતાડેલ વિદેશી દારૂનો ૨.૪૬ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી ૪ શખ્શોની ધરપકડ કરી સસ્પેન્ડ બુટલેગર પ્રભુ સોમાભાઈ ડોડીયાર સહીત અન્ય શખ્શો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

સોમવારે રાત્રીના સુમારે

સ્ટેટ મોનીટરીંગ સેલ, ગાંધીનગરની ટીમ શામળાજી નજીક આવેલા પહાડીયા અને કડવથ ગામે છાપો મારી સોમાભાઈ ભેમાભાઈ ડામોર અને પ્રભુ સોમાભાઈ ડોડીયારના ઘરે સંતાડીને રાખેલો વિદેશી દારૂ બોટલ- ટીન નંગ-૧૧૨૩ કીં.રૂ.૨૪૬૨૬૦/- નો જથ્થો જપ્ત કરી ૧) સોમાભાઈ ભેમાભાઈ ડામોર,૨)રામઅનુગ્રહસિંહ માનસિંગ ગુર્જર,૩)રાગવીન્દ્ર રામજીભાઈ ડામોર,૪)સોનુસિંગ શ્રીરામબાબુ યાદવ (તમામ રહે,પહાડીયા) ની ધરપકડ કરી હતી સ્થળ પરથી મળી આવેલ મોબાઈલ નંગ-૬ કીં.રૂ.૧૨૦૦૦/- ,મારુતિ ઈકો કાર-૨ કીં.રૂ.૪૦૦૦૦૦/- તથા રોકડ રકમ-૪૬૦૦ મળી કુલ.રૂ.૬૬૨૮૬૦/- નો મુદ્દામાલ જપ્ત કરી ૧)પ્રભુદાસ સોમાભાઈ ડોડીયાર (રહે,પહાડીયા તથા રાણીપ પો.લાઈન, અમદાવાદ),૨)કમલેશ ઉર્ફે ફૌજી સોમાભાઈ ડોડીયાર ,૩) સ્થળ પરથી મળી આવેલ મોબાઈલ-૨ ના ધારક તથા વિદેશી દારૂનો જથ્થો પૂરો પાડનાર અને આ પ્રવૃત્તિમાં સંડોવાયેલ ચોપડા તથા સ્લિપમાં લખેલ નામ અને પોલીસ તપાસમાં નીકળે તે તમામ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

અરવલ્લી જીલ્લામાં દારૂબંધીની અમલવારી ફક્ત કાગળ પર રહેતા મોટા પ્રમાણમાં દેશી-વિદેશી દારૂના અડ્ડા અને મોટા પ્રમાણમાં દારૂનું કટિંગ થતું હોવાથી સ્ટેટ મોનીટરીંગ સેલ સમયાંતરે અરવલ્લી જીલ્લામાં ત્રાટકી વિદેશી દારૂના વેપલાનો પર્દાફાશ કરતી હોય છે શામળાજી પોલીસ કાર્તિક પૂનમના મેળામાં સઘન બંદોબસ્તમાં વ્યસ્ત હતી બીજીબાજુ સ્ટેટ વિજિલન્સની ટીમ ત્રાટકી હતી સ્ટેટ વિજિલન્સના દરોડા થી જીલ્લાના પોલીસતંત્રના ભારે હડકંપ મચ્યો છે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ બુટલેગરો બિન્દાસ્ત બન્યા છે.

અરવલ્લી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના સંરચના અધિકારી અને પ્રદેશમંત્રી રમણજી સોલંકીની અધ્યક્ષતામાં ધનસુરા તાલુકા સંગઠનની રચના કરવામાં આવી. જેમાં ધનસુરા તાલુકા પ્રમુખ જે.પી. ગોર, મહામંત્રી તરીકે નરેન્દ્રભાઈ એલ. પટેલ તથા દોલતસિંહની નિમણૂક કરવામાં આવી.

શિયાળાના પ્રારંભે જ વડગામ પંથકમાં તસ્કરો સક્રિય બન્યા

જલોતરામાં ઘર આગળથી ટ્રેક્ટરની ચોરી : અગાઉ પણ જલોતરામાંથી બે ટ્રેક્ટર અને બોલેરો જીપની ચોરી થવા પામી હતી પોલીસ ચોરોનુ પગેરું મેળવી શકી નથી

વડગામ તાલુકામાં શિયાળા ના પ્રારંભે જ વાહન ચોરતા તસ્કરો સક્રીય બન્યા છે. જલોતરા ગામમાં એક ખેડૂત ના ઘર આંગણે પડેલા ટ્રેક્ટર ને રાત્રી દરમિયાન કોઈક ચોરી જતાં જલોતરા પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

જલોતરા મા રહેતા હેમરાજ ભાઈ ભીખાભાઈ પ્રજાપતિ ના ઘરની આગળ પોતાનું ટ્રેક્ટર રાત્રીના સમયે ઉભું કરાયું હતું તે ટ્રેક્ટર ને રાત્રી ના સમયે કોઈ અજાણ્યા ઈસમો દ્વારા ચોરી કરીને લઈ જતા જલોતરા પંથકના લોકોમાં ચકચાર મચી ગઈ છે આ અંગે પ્રજાપતિ હેમરાજ ભાઈ ભીખાભાઈ દ્વારા વડગામ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવાઈ છે વડગામ પોલીસ દ્વારા ચોરી અંગે નો ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે અગાઉ પણ જલોતરા માં થી બે ટ્રેક્ટર અને એક બોલેરો જીપની ઉઠાંતરી ઘર આંગળથી થઈ હતી પરંતુ હજુ સુધી આ ત્રણે વાહનોનો આજ દીન સુધી કોઈ અતોપતો ન મળ્યો નથી ફરીયાદો માત્ર પોલીસ ના ચોપડે નોંધાતી રહી છે પોલીસ દ્વારા આજ દીન સુધી ઘરફોડ ચોરીના કે વાહન ચોરી કરતા તસ્કરો સુધી પહોંચી શકી નથી.ત્યારે જલોતરામાથી આ ત્રીજા ટ્રેક્ટરની ચોરી થતાં તસ્કરો પણ જાણ ભેજું તેમજ રીઢા હોવાની ચર્ચા ઓ આમજનતામાં થઈ રહી છે હવે જોવાનું રહ્યું કે વડગામ પોલીસ ને આ ટ્રેક્ટર ચોરો ને સોધી શકે છે કે પછી અગાઉની જેમ ફરીયાદ માત્ર પોલીસ ચોપડા સુધી જ રહેવા પામે છે તેવી તરેહ તરેહની ની ચર્ચા ઓ લોકોમાં થઈ રહી છે.

યાત્રાધામ બહુચરાજીમાં આવેલ પવિત્ર સમીવૃક્ષ આસ્થાનું સ્થાન

મહેસાણા, તા. ૧૪

શ્રીમાતાજીની સમીવૃક્ષની જગ્યાએ દશેરાના દિવસે પુજન થાય છે. આ જગ્યાને કમ્પાઉન્ડ વોલથી સંરક્ષિત કરાઈ છે. જે જગ્યા પવિત્ર અને સ્વચ્છ રાખવામાં આવે છે. આ જગ્યાની ચાવી મંદિર ટ્રસ્ટની કચેરીએ રાખવામાં આવેલ છે તેમ શ્રી બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટની અખબારી યાદીમાં જણાવાયું છે.

મહેસાણામાં બાળ દિવસની ઉજવણી કરાઈ

મહેસાણા, તા. ૧૪

મહેસાણામાં બાળ દિવસની ઉજવણી જિલ્લા કલેકટરશ્રી કચેરીના વિડીયો કોન્ફરન્સ હોલ ખાતે કરાઈ હતી. બાળ દિવસ ઉત્સવનું આયોજન દેશના ભવિષ્યના નિર્માણમાં બાળકોના મહત્વને દર્શાવે છે. સાથે જ આ દિવસે બાળ અધિકારો પ્રત્યે લોકોને જાગૃત કરવામાં આવે છે. મહેસાણામાં બાળ દિન નિમિત્તે ચાઈલ્ડ લાઈન દ્વારા સ્લમ વિસ્તારના જરૂરીયાતમંદ બાળકો સાથે બાળ દિવસની ઉજવણી કરાઈ હતી. વિડીયો કોન્ફન્સ હોલ કલેકટર કચેરી ખાતે નિવાસી અધિક કલેકટર પ્રદિપસિંહ રાઠોડ દ્વારા બાળકો સાથે કેક કાપી બાળકોને સ્કુલ બેગ, ચોપડા, પેન્સીલ, નોટબુક, સૂકો મેવો આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત કરૂણા સેતુ ટ્રસ્ટ દ્વારા બાળકોને કીટ અર્પણ કરાઈ હતી.